# District Service Programs (DSP)

- **પરમેનન્ટ પ્રોજેક્ટ અને પરમેનન્ટ એક્ટીવીટી**
- **પરમેનન્ટ પ્રોજેક્ટ** કે જેની ક્લબ દ્વારા એક કાયમી ઈન્ફ્રાસ્ટકચર સ્વરૂપે સ્થાપના કરવામાં આવે છે, તેના થકી ક્લબની વિશિષ્ટ ઓળખ ઉભી થાય છે અને સમાજના બહોળા વર્ગને સેવાકીય પ્રવૃત્તિનો લાભ પહોંચાડી શકાય છે. જેમકે આઈ બેંક, બ્લડ બેંક, સ્કૂલ-કૉલેજ, હોસ્પિટલ, લેબોરેટરી, હોસ્ટેલ, ટ્રાફિક આઈ લેન્ડ, વોક-વે, બાગ-બાગીચા વગેરે જેવા કાયમી પ્રોજેક્ટની સ્થાપના કરી શકાય.
- **કાયમી પ્રવૃત્તિ** : ક્લબ દ્વારા ચોક્કસ સમયાંતરે સેવાના કોઈ પણ ક્ષેત્રમાં કરવામાં આવતી પ્રવૃત્તિને કાયમી પ્રવૃત્તિ અથવા તો સીગ્નેચર એક્ટીવીટી ગણવામાં આવે છે. દરેક ક્લબ પોતાની ઈમેજ ઉજાગર કરવા તથા સમાજના મહત્તમ લોકો સુધી સેવાનો લાભ પહોંચાડવા આવી પ્રવૃત્તિઓનું કાયમી ધોરણે આયોજન કરી શકે છે.
- **એજ્યુકેશન**
- શાળા, બાળમંદિર કે આંગનવાડી દત્તક લેવા તેમજ રમકડાં-પૌસ્ટિક આહારનું વિતરણ કરવું
- નિરક્ષર લોકો માટે અક્ષરજ્ઞાન મંદિર (Literacy Center) શરૂ કરવા
- ગરીબ બાળકોને શૈક્ષણિક કાર્ય માટે દત્તક લેવા
- શિક્ષણ ફી, પુસ્તકો, શૈક્ષણિક સામગ્રી, યુનિફોર્મ વગેરેની સહાય
- ગ્રામ્ય વિસ્તારની શાળાઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડવી.
- બાળકો માટે વકતૃત્વ, નિબંધ, રમતગમત, ચિત્રકામ, નાટ્ય સ્પર્ધા વિગેરેનું આયોજન કરવું.
- ટીચર્સ ટ્રેનિંગ વર્કશોપ તેમજ લાયન્સ ક્વેસ્ટનું આયોજન કરવું.
- બાળ વિકાસ અંગેના સેમીનારો તેમજ વાલીઓને માર્ગદર્શન
- બાળકો માટે રસીકરણ કેમ્પ, ડેન્ટલ/આઈ ચેક અપ કેમ્પ કરવા
- કન્યા કેળવણી અંગે કાર્યક્રમો
- કેરીયર કાઉન્સેલિંગ, વોકેશનલ ગાઈડન્સ અંગે સેમિનાર
- **અવેરનેસ ડ્રાઇવ**
- જીવદયા અને એનીમલ વેલફેર અંગેના કાર્યક્રમો
- દેહદાન અને અંગદાન, નેત્રદાન અંગે સમાજિક જાગૃતિકરણ કરવું
- ટ્રાફિક અવેરનેસ અંગે કાર્યક્રમો
- જન-કલ્યાણ માટે ગર્વમેન્ટ દ્વારા ચાલતી વિવિધ યોજનાઓથી લોકોને માહિતગાર કરવા
- કાયદાકીય જાગૃતિ તેમજ ગ્રાહક સુરક્ષા અંગે સેમીનાર
- કોરપોરેટ કંપનીઓની સહાય (CSR) થકી જરૂરિયતમંદ લોકોને મદદ પહોંચાડવી
- કુદરતી આફતો સામે સાવચેતી અંગે જાગૃતિકરણ
- બેટી બચાવો, બેટી પઢાવો
- આપણી સંસ્કૃતિનું જતન-સંવર્ધન અંગે કાર્યક્રમ, સ્પેશ્યલ ડે સેલીબ્રેશન
- પ્લાસ્ટીક થેલીઓના બહિષ્કાર માટે જન-જાગૃતિ અભિયાન
- આત્મ નિર્ભર ભારતની વિવિધ યોજનાઓ પ્રત્યે લોકોમાં જાગૃતિ કેળવવી

# District Service Programs (DSP)

- **સોશીયલ રીસ્પોન્સીબીલીટી**
- મેન્ટલી ચેલેન્જડ વ્યક્તિઓની સાર-સંભાળ, મેન્ટલી ચેલેન્જડ બાળકોની સ્કૂલ દત્તક લેવી અને ત્યાં વિવિધ કાર્યક્રમો કરવા અથવા આ પ્રકારના બાળકોને સહાયતા કરવી
- ફીઝિકલી ચેલેન્જડ વ્યક્તિઓને ટ્રાયસિકિલ, વ્હીલચેયર, જયપુર ફૂટ, હિયરીંગ એડ્સ, કેલીપર્સ જેવા સાધનોનું વિતરણ
- ફીઝિકલી ચેલેન્જડ વ્યક્તિઓને રોજગાર થકી આત્મનિર્ભર બનાવવાના પ્રયત્નો કરવા, આ માટે ગર્વમેન્ટ યોજનાઓની પણ સહાય લઈ શકાય.
- વિધવા, અસહાય અને નારી સંરક્ષણ ગૃહની બહેનોના વિકાસ માટે સહાયતા કરવી તેમજ તેઓ માટેની સરકારી સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન આપવું
- સમૂહ લગ્નોનું આયોજન
- બહનોને આત્મનિર્ભર બનાવવા વિવિધ ગૃહઉદ્યોગ, મહેન્દી/બ્યુટીપાર્લર ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ, સિલાઈ ક્લાસ, કુકીંગ ક્લાસ ચલાવવા આર્થિક સહાય કરવી. સિલાઈ સંચાનું વિતરણ કરવું
- સ્ત્રી તેમજ બાળકો સ્વયં સુરક્ષા કરી શકે તે માટે જુડો, કરાટેની તાલીમ
- ચાઈલ્ડ એબ્યુઝીંગ અંગે બાળકોને સાવચેત કરવા
- વિવિધ જાહેર સ્થળોએ આર.ઓ. પ્લાન્ટ સાથેની વોટર હટ બનાવવી
- ગ્રામ્ય વિસ્તારમાં જઈને તેઓના વિકાસ માટે વિવિધ કાર્યક્રમો કરવા
- સિનિયર સિટિઝનો માટે વિવિધ કાર્યક્રમો જેવા કે તેમની સાથે પિકનીક, ધાર્મિક સ્થળોની મુલાકાત, ભજન સંધ્યા, વૃદ્ધાશ્રમમાં જઈને બર્થ ડે સેલીબ્રેશન, વૃદ્ધાશ્રમમાં ભોજન વિતરણ વગેરેનું આયોજન કરવું.
- વૃદ્ધો માટે જરૂરી મેડીકલ કેમ્પનું તથા દવા વિતરણનું આયોજન કરવું
- વૃદ્ધો માટે વાંચનાલાય તેમજ બાગ-બગીચા જેવા કાયમી પ્રોજેક્ટની સ્થાપના કરવી.
- **હેલ્થ કેર**
- હૃદય રોગ, કીડની કેર, ડેન્ટલ ચેક-અપ કેમ્પ, ડાયાબીટીસ, બલ્ડ પ્રેસર, ટી.બી., લેપ્રસી, કેન્સર જેવા રોગો અંગે જાગૃતતા કેળવવી તેમજ તેમના નિદાન માટેના ચેકઅપ કેમ્પનું આયોજન
- સ્ત્રી રોગ સંબંધી જાગૃતિકરણ માટેના કાર્યક્રમો તથા નિદાન કેમ્પ
- સ્ટ્રેસ મેનેજમેન્ટ, યોગા-પ્રાણાયમ, મેડીટેશન અને એક્યુપ્રેશર જેવી વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ અંગેના કાર્યક્રમો, હેલ્ધી અને ઓર્ગેનીક ફુડ લેવા અંગે જાગૃતિકરણ
- કોરોના અંગે જાગૃતિકરણ કાર્યક્રમ, રસીકરણ કેમ્પનું આયોજન
- થેલેસેમીયા અને સ્ટેમસેલ અવેરનેસ, થેલેસેમીક બાળકોને દત્તક લેવા તેમજ તેમની સાથે રમત-ગમત તથા અન્ય કાર્યક્રમોનું આયોજન
- બ્લડ ડોનેશન કેમ્પ
- વ્યસન મુક્તિ અંગે સમાજિક જાગૃતતા અંગેના કાર્યક્રમો તથા અવેરનેસ અંગે પ્લેકાર્ડ બનાવી રેલીનું આયોજન
- તરૂણ વયની બાલિકાઓ તેમજ સ્ત્રીઓ માટે હેલ્થ, એનીમીયા અંગે કાળજી, અને હાઈજીન કેર અંગેના વિવિધ જાગૃતિકરણ કાર્યક્રમ, સેનેટરી પેડ્સનું વિતરણ
- સ્ત્રી ભ્રૂણ હત્યા અંગે જાગૃતિકરણ